Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708
Vol. 10, Issue: 131, February, 2024
Paper ID: RRJ765729
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-132-february-2024/RRJ765729

# ગુજરાતમાં આર.એસ.એસ. (R.S.S)ની સ્થાપના

સંશોધક
પ્રતિક એ. ગઢવી
ભક્ત કવિ નરસિંહ મહેતા યુનીવર્સીટી, જુનાગઢ

ગુજરાતમાં આર.એસ.એસ.ની સ્થાપના :

ઈ.સ. ૧૯૬૦ પહેલા ગુજરાત એ "બૃહદ મુંબઈ"નું ભાગ હતું. ગુજરાતમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની સ્થાપના ઈ.સ. ૧૯૩૮માં થઈ હતી.

❖ વડોદરામાં પ્રથમ શાખા :

ઈ.સ. ૧૯૩૮નું વર્ષ ગુજરાતના ઈતિહાસમાં બે રીતે સ્મરણીય બની રહેશે. આ જ વર્ષે ગુજરાતમાં સુરત પાસે હરિપૂરામાં કોગ્રેંસનું અખિલ ભારતીય અધિવેશન યોજાયું હતું. જેમાં નેતાજી સુભાષચંદ્ર બોઝ પ્રમુખપદે હતા.

ઈ.સ. ૧૯૩૮ના જૂન મહીનામાં ગાયકવાડની વડોદરા નગરીમાં "રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ"ના શ્રીગણેશ થયા હતા. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના જન્મસ્થાન નાગપુરથી મેટ્રિક પાસ થયેલા નવયુવાન સ્વયંસેવક ગોપાલરાવ ઝીઝર્ડે ઉચ્ચ અભ્યાસ માટે વડોદરાના કલાભવનમાં દાખલ થયા હતા. તેમને વડોદરામાં શાખા શરૂ કરવાની ઈચ્છા થઈ હતી. વળી વડોદરામાં મહારાષ્ટ્રીયન પરીવારો ઘણી મોટી સંખ્યામાં વસતા હતા. તેઓ ડૉ. હેડગેવારજી અને સંઘ શાખાથી પરીચિત હતા.



વડોદરામાં ગોપાલરાવને વડોદરાના પ્રમુખ સમાજસેવી અને હિન્દુત્વપ્રેમી બાબુરાવ આપ્ટેનો સહયોગ મળ્યો હતો. વડોદરામાં રાવપૂરામાં કોઠ કચેરી પાસે આવેલા મેદાનમાં શાખાની શરૂઆત થઈ હતી. અરવિંદ ગોડબોલે, વિનુભાઈ સાઠે, ગોપાલશેન્ડે, અણ્ણાજી પાંડે, વિનુભાઈ નાવરે, રઘુનાથ પંડિત જેવા અનેક સ્વયંસેવકોથી શરૂ થયેલી શાખા પછીથી વડોદરાના "ગોખઢ મેદાન" પર શરૂ કરવામાં આવી હતી.

રા.સ્વ.સંઘના સ્થાપક ડૉ. હેડગેવારજી અને ગોપાલરાવ ઝીઝર્ડે વચ્ચે પત્રવ્યવવહાર પણ ચાલુ હતો. ગણેશોત્સવના સાર્વજનિક કાર્યક્રમમાં ડૉક્ટર સાહેબે વડોદરા આવવાનું સ્વીકાર્યુ હતું. પણ અચાનક બિમાર પડતાં આવી શક્યા ન હતા.

આમ, વડોદરામાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના શ્રી ગણેશ થયા પછી સમગ્ર ગુજરાતના જુદા જુદા

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708
Vol. 10, Issue: 131, February, 2024
Paper ID: RRJ765729
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-132-february-2024/RRJ765729

પ્રદેશમાં (વિસ્તારોમાં) સંઘની શાખાઓ સ્થપાવવા લાગી હતી.

૧૧ સૌરાષ્ટ્રમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની સ્થાપના :

સૌરાષ્ટ્રમાં હિન્દુ રજવાડાઓની ઘણી મોટી સંખ્યા હતી. જેમાં આર.એસ.એસ.ને સમર્થન મળે તેવી શક્યતાઓ ઘણી હતી કેમકે મોટા ભાગના રજવાડાઓ હિન્દુત્વ તરફી હતા. સૌરાષ્ટ્રમાં ગુજરાત કરતાં પણ સંઘને વધુ સમર્થન પ્રાપ્ત થયું હતું.

મળતી માહિતી પ્રમણે ઈ.સ. ૧૯૪૦માં લીંબડીમાં રાષ્ટ્રીય સ્વયંસેવ સંઘની પ્રથમ શાખા શરૂ કરાઈ હતી. લીંબડીના શાસકો દેશભક્ત હતા તેમજ સુધારાવાદી પણ હતા. કેમકે લીંબડીના શાસકો એ તેમને પ્રોત્સાહિત કર્યા હતા. તો પોતાના મહેલોમાંનો એક મહેલ રામકૃષ્ણમિશનને પણ આપી દીધો હતો. તો લીંબડીના શાસક પરિવારના એક સભ્ય અને જાણીતા ક્રાંતિકારી સરદારસિંહ રાણાના પૌત્ર દિલાવરસિંહ રાણા લંડનમાં વીર સાવરકરના ખૂબ વિશ્વાસુ અને નજીકના મિત્ર તરીકે કામ કરી ચૂક્યા હતા. આમ, લીંબડીમાં ઉત્કૃષ્ટ રાષ્ટ્રપ્રેમની ભાવના છવાયેલી હતી અને તેના લીધે જ ત્યાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની શાખાની સ્થાપના થઈ હતી અને ત્યાંથી જ સમગ્ર સૌરાષ્ટ્રમાં શાખાઓની સ્થાપનાની શરૂઆત થઈ હતી. તો કચ્છમાં કાશીનાથ બાગવડેએ સંઘ કાર્યની બાગડોર સંભાળી હતી.

સૌરાષ્ટ્રમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનું ગઢ રાજકોટ બન્યું હતું શરૂઆતમાં ગૌરીશંકર ભટ્ટ અને હીરજીભાઈ ચાવડા દ્વારા ઈ.સ. ૧૯૪૨માં શાખાની શરૂઆત થઈ હતી. ત્યારબાદ લાખેજી પ્રચારક તરીકે આવ્યા હતા. ત્યાર પછિ ઈ.સ. ૧૯૪૪માં સુરતથી રાજાભાઉ તેને પ્રચારક તરીકે રાજકોટ આવ્યા હતા.

રાજકોટમાંથી શ્રી ચીમનભાઈ શુકલ(કાકા), કેશુભાઈ પટેલ જેવા યુવાનો સંઘમાં જોડાયા હતા. રાજકોટના કાન્તિભાઈ ભટ્ટ, કાન્તિભાઈ લોધાણી, ડૉ. પ્રાણલાલ વૃ. દોશી તેમજ પ્રવીણભાઈ મણિયાર, અરવિંદભાઈ મણિયાર, દુર્ગાશંકર જાની વગેરે પાયાના સ્વયંસેવકો બન્યા હતા.સૌરાષ્ટ્રમાં આજે પણ દરેક શહેરો, ગામોમાં શાખાઓ કાર્યરત છે.

૧૨ કર્ણાવતી (અમદાવાદ)માં આર.એસ.એસ. :

ઈ.સ. ૧૯૩૮માં કર્ણાવતીમાં ભદ્ર પાસે આવેલ એમ.એસ.એમ. હાઈસ્કૂલમાં મહારાષ્ટ્રમાંથી કેશવરાવ ખીરે નામના શિક્ષક આવ્યા હતા. તેમણે તેમના મિત્ર ગુર્જર જે અહમદનગરમાં સંઘના સ્વયંસેવક હતા. તેમને કર્ણાવતી બોલાવ્યા હતા. તેમના પ્રયત્નોથી જ ભદ્રમાં આવેલા કૃષ્ણમંદિર પાસે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની શાખા શરૂ થઈ હતી. જેમાં દાદાલિમયે, શ્રીરામભાવે, વિષ્ણુબાપટ જેવા સ્વયંસેવકો સાથે બચુભાઈ ભગત, કાન્તિભાઈ મોદી, મધુભાઈ ઉપાધ્યાય, ગોવિંદભાઈ હાડવૈદ્ય, મહેશભાઈ નાણાવટી જેવા ગુજરાતી પણ ઉત્સાહભેર જવા લાગ્યા હતા. ધીમેધીમે કર્ણાવતીનું કાર્યક્ષેત્ર વિસ્તૃત થયું કે ઈ.સ. ૧૯૪૩માં બાપૂરાલેલેને અમદાવાદમાં પ્રચારક તરીકે નીમ્યા હતા. ઈ.સ. ૧૯૪૫માં ગુજરાત અને સિંધના સ્વયંસેવકો

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708

Vol. 10, Issue: 131, February, 2024
Paper ID: RRJ765729
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-132-february-2024/RRJ765729

માટે પ્રથમ ઓ.ટી.સી. પણ અમદાવાદમાં થઈ હતી.

સંદર્ભ

(૧) જાની એસ.વી. "જૂનાગઢની આરઝી હકુમતનો ઈતિહાસ" અપ્રકાશિત મહાનિબંધ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.

(૨) સાધના મેગેઝીન-પૃ.૨૦-૨૧, ૧૧ ડીસેમ્બર ૧૯૯૯, સાધના પ્રકાશન, અમદાવાદ

(૩) સુરેન્દ્રનગર શતાબ્દી અંક – સુરેન્દ્રનગર ઈ.સ. ૧૯૬૪